મુખ્ય સેવિકા/આંગણવાડી કાર્યકર/ તેડાગરને શ્રેષ્ઠ કામગીરી માટે "માતા યશોદા" એવોર્ડ આપવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૦૭/સી.એમ.૧/બ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૯/ ૦૮/ ૨૦૨૦

સંદર્ભઃ-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૧-૦૨-૨૦૧૩નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૫-૦૨-૨૦૨૦ નો પત્ર ક્રઃ વહટ-૧૦/માતા યશોદા એવોર્ડ ઠરાવ સુધારા દરખાસ્ત/૧૩૧૮૪૪/૨૦૨૦

(3) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૧-૦૭-૨૦૨૦ નો પત્ર ક્રમાંક : વહટ-૧૦/માતા યશોદા એવોર્ડ ઠરાવમાં સુધારો કરવા બાબત / ૨૨૫૨૪૦/૨૦૨૦

ઠરાવઃ-

સંકલિત બાળ વિકાસ સેવા કાર્યક્રમનું સાર્વત્રિકરણ થતાં સમગ્ર રાજ્યમાં માતાઓ, બાળકો તથા કિશોરીઓને આ યોજના અંતર્ગત સેવાઓ પુરી પાડવાના આશયથી રાજ્યમાં હાલના તબક્કે કુલ ૫૩૦૨૯ આંગણવાડી કેંદ્રો અને ૪૨૬ ઘટકો મંજુર કરવામાં આવેલ છે. આ કાર્યરત આંગણવાડી કેન્દ્રો પરના માનદ કાર્યકર અને તેડાગર આ યોજનાના લાભાર્થી અને તંત્ર વચ્ચેની મહત્વની કડી છે. આ માનદ કાર્યકરોની સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા અને તેઓ વધુ કાર્યદક્ષતાથી સેવાઓ પુરી પાડે તે માટે તેઓને પ્રોત્સાહિત કરવાના આશયથી રાજ્ય સરકાર તરફથી માતા યશોદા એવોર્ડ આપવામાં આવે છે. રાજ્ય સરકાર તરફથી આંગણવાડી કાર્યકર અને તેડાગરને આ પ્રોત્સાહક એવાર્ડ આપવાની બાબત હાલમાં સંદર્ભ (૧) માં દર્શાવેલ વિભાગના તા.૧૧-૨-૨૦૧૩ ના ઠરાવ મુજબ અમલમાં છે. નિયામકશ્રી, આઇસીડીએસ દ્વારા સંદર્ભ (૨) અને (૩) માં દર્શાવેલ પત્રોથી, આ યોજનાના અમલીકરણ માટેની હાલની સમિતિઓ અને આંગણવાડી કાર્યકર/તેડાગરના પસંદગીના માપદંડમાં ફેરફાર કરવા તથા મુખ્ય સેવિકાઓને પણ આ એવોર્ડ આપવા સાથે જરૂરી સુધારાઓ કરવા અંગે ઘટતી દરખાસ્ત કરાયેલ છે. જે સંદર્ભમાં પુખ્ત વિચારણાના અંતે ઉપર સંદર્ભ (૧) માં દર્શાવેલ અગાઉનો તા.૧૧-૦૨-૨૦૧૩ નો ઠરાવ રદ કરી,

ARL

આ અંગે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે. આ ઠરાવ વર્ષ ૨૦૨૦-૨૧ થી માતા યશોદા એવોર્ડ પસંદગી માટે અમલમાં આવશે.

૨. આંગણવાડી કાર્યકર, આંગણવાડી તેડાગર અને મુખ્ય સેવિકાઓને રાજ્ય કક્ષાના, જિલ્લા કક્ષાના તથા મહાનગરપાલિકા કક્ષાના એવોર્ડ માટેની સમિતિ, એવોર્ડની વિગત, પસંદગીના માપદંડો, પસંદગીની પધ્ધતિ અને સમયમર્યાદા નીચે મુજબ રહેશે.

## (૧) વિવિધ કક્ષાના એવોર્ડ માટેની સમિતિ:

(અ) રાજ્ય કક્ષાના એવોર્ડ માટેની સમિતિ:

| | | |
|---|---|---|
| ૧ | માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ | અધ્યક્ષશ્રી |
| ૨ | માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ | ઉપાધ્યક્ષશ્રી |
| ૩ | સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૪ | કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ | સભ્યશ્રી |
| ૫ | નાયબ/સંયુક્ત/અધિક સચિવશ્રી, આઇ.સી.ડી.એસ., મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૬ | "યુનીસેફ" ના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૭ | નિયામકશ્રી(આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી | સભ્ય સચિવશ્રી |

(બ) જિલ્લા કક્ષાના એવોર્ડ માટેની સમિતિ:

| | | |
|---|---|---|
| ૧ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | જિલ્લા પંચાયત મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરપર્સનશ્રી | સભ્યશ્રી |
| ૩ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૪ | પ્રોગ્રામ અધિકારીશ્રી, આઇ.સી.ડી.એસ | સભ્ય સચિવશ્રી |

ARS

(ક) મહાનગરપલિકા કક્ષાના એવોર્ડ માટેની સમિતિ:

| | | |
|---|---|---|
| ૧ | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>(આઈ.સી.ડી.એસ. સંભાળતા હોય તે) | સભ્યશ્રી |
| ૩ | મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરપર્સનશ્રી | સભ્યશ્રી |
| ૪ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (મહાનગરપાલિકા) | સભ્યશ્રી |
| ૫ | પ્રોગ્રામ અધિકારીશ્રી, આઇ.સી.ડી.એસ. | સભ્ય સચિવશ્રી |

નોંધ: જિલ્લા કક્ષાની એવોર્ડ પસંદગી સમિતિ દ્વારા જિલ્લાના અને જિલ્લાના ઘટક કક્ષાના તેમજ મહાનગરપાલિકા કક્ષાની એવોર્ડ પસંદગી સમિતિ દ્વારા મહાનગરપાલિકાના અને મહાનગરપાલિકાના ઘટક કક્ષાના એવોર્ડ માટે નામોની પસંદગી કરવાની રહેશે.

## (૨) એવોર્ડની વિગત:

(અ) રાજ્ય કક્ષાનો એવોર્ડ:

રાજ્યના ચાર ઝોન પૈકી દરેક ઝોનમાંથી એક મુખ્ય સેવિકા, એક આંગણવાડી કાર્યકર અને એક આંગણવાડી તેડાગરને એવોર્ડ આપવાનો રહેશે. તેની રકમ નીચે મુજબ રહેશે.

| | |
|---|---|
| મુખ્ય સેવિકા | રૂ. ૬૧,000/- |
| આંગણવાડી કાર્યકર | રૂ. ૫૧,000/- |
| આંગણવાડી તેડાગર | રૂ. ૩૧,000/- |

(બ) જિલ્લા/મહાનગરપાલિકા કક્ષાનો એવોર્ડ:

દરેક જિલ્લા/મહાનગરપાલિકામાંથી એક મુખ્ય સેવિકા, એક આંગણવાડી કાર્યકર અને એક આંગણવાડી તેડાગરને એવોર્ડ આપવાનો રહેશે. તેની રકમ નીચે મુજબ રહેશે.

| | |
|---|---|
| મુખ્ય સેવિકા | રૂ. ૪૧,000/- |
| આંગણવાડી કાર્યકર | રૂ. ૩૧,000/- |
| આંગણવાડી તેડાગર | રૂ. ૨૧,000/- |

ARS

(ક) જિલ્લાના/ મહાનગરપાલિકાના ઘટક કક્ષાના એવોર્ડ:-

દરેક જિલ્લાના/ મહાનગરપાલિકાના દરેક ઘટકમાંથી એક આંગણવાડી કાર્યકર અને એક આંગણવાડી તેડાગરને એવોર્ડ આપવાનો રહેશે, જેની રકમ નીચે મુજબ રહેશે.

| | |
|---|---|
| આંગણવાડી કાર્યકર | રૂ. ૨૧,000/- |
| આંગણવાડી તેડાગર | રૂ. ૧૧,000/- |

<u>નોંધ</u>:

(I) આ એવોર્ડ આંગણવાડીના મુલ્યાંકન ઉપર આપવામાં આવે છે. તે આંગણવાડીના કાર્યકર/તેડાગરને જ આપવામાં આવશે.

(II) માતા યશોદા એવોર્ડ જે તે આંગણવાડી કેંદ્રની કામગીરી માટે આપવામાં આવે છે. જો કોઇ કેંદ્ર પર તેડાગરની જગ્યા ખાલી હોય અથવા તેડાગર એવોર્ડ માટે પાત્ર ન હોય (તેના સ્પષ્ટ કારણો જણાવવા) તો ફક્ત પાત્ર આંગણવાડી કાર્યકરને એવોર્ડ આપી શકાશે. તેવા કિસ્સામાં બીજા આંગણવાડી કેંદ્રના તેડાગરને એવોર્ડ આપી શકાશે નહીં.

(III) જે આંગણવાડી કાર્યકર/ તેડાગરે અગાઉ જે કક્ષામાં માતા યશોદા એવોર્ડ મેળવેલ હોય તે જ કક્ષામાં તેઓ પુન: એવોર્ડ મેળવવાપાત્ર થશે નહિ, પરંતુ ઉપલી કક્ષાએ એવોર્ડ મેળવવા માટે તેમનું નોમીનેશન થઇ શકશે.

## (૩) <u>પસંદગીના માપદંડો અને ગુણભાર</u>:

દરેક કક્ષાના એવોર્ડ માટે જે-તે કર્મચારીની આઇસીડીએસ યોજનાના અમલીકરણમાં કામગીરીની અગત્યતાને ધ્યાને લઈ જુદા-જુદા માપદંડો નક્કી કરેલ છે. ઉપરોક્ત માપદંડોના સંદર્ભમાં જે-તે કર્મચારીએ વર્ષ દરમિયાન કરેલ કામગીરી ધ્યાને લઈ એવોર્ડ આપવા વિચારણા કરવામાં આવશે.

ઉક્ત માપદંડો અને ગુણભારની વિગતો **પરિશિષ્ટ-૧ માં જણાવ્યા** મુજબ રહેશે.

## (૪) <u>પસંદગીની પદ્ધતિ અને વિવિધ તબક્કાઓની સમયમર્યાદા</u>:

માતા યશોદા એવોર્ડ પારદર્શક અને વસ્તુલક્ષી રીતે આપી શકાય, તે માટે નીચે મુજબની પદ્ધતિ અને સમયમર્યાદા અનુસરવાની રહેશે.

ARS

(અ) પદ્ધતિ :

I) તમામ આંગણવાડી કાર્યકર/તેડાગર અને મુખ્ય સેવિકા બહેનોએ એવોર્ડ માટે ઓનલાઈન પદ્ધતિ મુજબ સ્વમૂલ્યાંકન ફરજીયાત ભરવાનું રહેશે.

II) એવોર્ડ આપવા સક્ષમ સમિતિ/ સત્તાધિકારી દ્વારા સદરહુ સ્વમૂલ્યાંકનનાં ઉપલક્ષમાં થર્ડ પાર્ટી મોનિટરિંગ દ્વારા, નક્કી કરેલ માપદંડો અને ગુણભાર મુજબ ખરેખર કેટલા ગુણ મળવાપાત્ર છે તે નક્કી કરાવવામાં આવશે.

III)જિલ્લા કક્ષાની / કોર્પોરેશન કક્ષાની એવોર્ડ સમિતિની બેઠકમાં ઘટક કક્ષાના અને જિલ્લા/ કોર્પોરેશન કક્ષાના એવોર્ડ માટેની કામચલાઉ યાદી તૈયાર કરાશે.

IV)દરેક જિલ્લા/કોર્પોરેશનમાં પ્રથમ આવનાર આંગણવાડી કાર્યકર/તેડાગર અને મુખ્ય સેવિકાના નામો, રાજ્ય કક્ષાના એવોર્ડ માટેની પસંદગી માટે, સંબંધિત પ્રોગ્રામ ઓફીસરશ્રી દ્વારા સંબંધિત વિભાગીય નાયબ નિયામકશ્રી મારફતે રાજ્યકક્ષાએ મોકલવાના રહેશે.

V) રાજ્યકક્ષાની એવોર્ડની સમિતિની બેઠકમાં ઝોનવાર મુખ્ય સેવિકા, કાર્યકર અને તેડાગરની રાજ્ય કક્ષાના એવોર્ડ માટેની પસંદગી કરવામાં આવશે.

(બ) સમયમર્યાદા:

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | સ્વમૂલ્યાંકન ભરવા માટે ઓનલાઈન એપ્લીકેશનનો સમય | ૧ એપ્રિલ થી ૧૫ જુન |
| ૨ | જે-તે સમિતિ / સત્તાધિકરણ દ્વારા થર્ડ પાર્ટી મૂલ્યાંકન કામગીરી | ૧૬ જુન થી ૧૫ જુલાઈ |
| 3 | જિલ્લા કક્ષાની / કોર્પોરેશન કક્ષાની એવોર્ડ સમિતિની મિટિંગ | ૧૬ જુલાઈ થી ૧૫ ઓગષ્ટ |
| ૪ | રાજ્ય કક્ષાએ દરખાસ્ત મોકલવાની સમય મર્યાદા | ૧૬ ઓગષ્ટ થી ૧૫ સપ્ટેમ્બર |
| ૫ | રાજ્ય કક્ષાની એવોર્ડની સમિતિની સંબંધિત તારીખ | ૧૫ સપ્ટેમ્બર થી ૧૫ ઓક્ટોબર |

3. માતા યશોદા એવોર્ડ માટે વર્ષ ૨૦૨૦-૨૧ ની કામગીરીનું મૂલ્યાંકન ઉપરોક્ત સુધારેલ ધારાધોરણના આધારે કરવાનું રહેશે.

ARS

૪. માતા યશોદા એવોર્ડના અમલીકરણને લગતી જરૂરી સુચનાઓ વખતો વખત કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા અલગથી બહાર પાડવામાં આવશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૧૮-૦૮-૨૦૨૦ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARChristian
(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકરીશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(3) માન. મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૪) માન. રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૫) માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૬) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૯) સચિવશ્રી(આયોજન)ના નાયબ સચિવ,સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૦) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૧) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર
(૧૨) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૧૩) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ....................
(૧૪) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ. .......................
(૧૫) વિભાગીય નાયબ નિયામકશ્રી(આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

(૧૬) સર્વે પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ....................

(૧૭) સર્વે પ્રોગ્રામ અધિકારી (આઇસીડીએસ),મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ. ....................

(૧૮) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૯) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

(૨૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૨૧) નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

(૨૨) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, તમામ

(૨૩) સિસ્ટમ મેનેજર - વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૨૪) સિલેક્ટ ફાઇલ

# પરિશિષ્ટ-૧

# પસંદગીના માપદંડો અને ગુણભાર

## (અ) આંગણવાડી કાર્યકર/તેડાગર :- (કુલ ગુણ – ૧૦૦)

### ૧. આરોગ્ય અને પોષણ:- (કુલ ગુણ - ૫૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | - કુપોષણના સ્તરમાં સુધારાત્મક પરિણામ | ૧૦ |
| | - અતિ ઓછા વજનવાળા બાળકો(લાલ ગ્રેડ) માંથી ઓછા વજનવાળા બાળકો (પીળા ગ્રેડ) માં સુધારો થયેલ હોય | (૫) |
| | - ઓછા વજનવાળા બાળકો(પીળા ગ્રેડ) માંથી સામાન્ય વજનવાળા બાળકો (લીલા ગ્રેડ) માં સુધારો થયેલ હોય | (૫) |
| (૨) | લક્ષ્યાંક મુજબ કરવાની થતી ગૃહ મુલાકાતની ૧૦૦ એન્ટ્રી ઓન-લાઇન સૉફ્ટવેરમાં કરાવેલ હોય તો | ૧૦ |
| (૩) | - સગર્ભાવસ્થા અને ધાત્રીવસ્થા દરમ્યાન કુલ ૧૮૦ દિવસ આયર્ન ફોલિક એસિડની ગોળી લીધેલ હોય તો | ૩ |
| | - રસીકરણ- બાળકોનું સંપૂર્ણ રસીકરણ કરાવેલ હોય | ૨ |
| (૪) | શાળા આરોગ્ય કાર્યક્રમમાં તમામ બાળકોની આરોગ્ય તપાસ તથા આરોગ્ય તપાસ બાદ તબીબી સારવારની જરૂરીયાત ધરાવતા બાળકોને CMTC/NRC માં રીફર કરવામાં આવેલ હોય તો | ૫ |
| (૫) | સુપોષણ સંવાદમાં સગર્ભા અને ધાત્રી માતાની ભાગીદારી | ૫ |
| (૬) | આંગણવાડી કેન્દ્રમાં પુરક પોષણના લાભ લીધેલ લાભાર્થીઓનું કવરેજ | ૧૫ |
| | - ૬ માસથી ૩ વર્ષના નોંધાયેલ તમામ બાળકોને THRનો લાભ આપેલ હોય તો | (૫) |
| | - ૩ થી ૬ વર્ષના નોંધાયેલ તમામ બાળકોને પૂરક પોષણનો લાભ આપેલ હોય તો | (૫) |
| | - નોંધાયેલ તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને THR નો લાભ આપેલ હોય તો | (૫) |

૨. એસ.એ.જી અને પૂર્ણા:- (કુલ ગુણ - ૧૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | સર્વે મુજબ નોંધાયેલ કિશોરીઓ સામે પુરક પોષણ મેળવેલ કિશોરીઓ | 3 |
| (૨) | સર્વે મુજબ નોંધાયેલ કિશોરીઓ સામે આઇ.એફ.એ આપેલ કિશોરીઓ | ૨ |
| (3) | સર્વે મુજબ નોંધાયેલ શાળાએ ન જતી કિશોરીઓ સામે શાળા પુન: પ્રવેશ આપેલ કિશોરીઓ | ૨ |
| (૪) | સર્વે મુજબ નોંધાયેલ કિશોરીઓ સામે ૪ વખત આરોગ્ય તપાસ થયેલ હોય તેવી કિશોરીઓ પુરક પોષણ મેળવેલ કિશોરીઓ | 3 |

૩. પુર્વ પ્રાથમિક શિક્ષણ :- (કુલ ગુણ - ૧૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | પૂર્વ પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમની અમલવારી | 3 |
| (૨) | પૂર્વ પ્રાથમિક શિક્ષણની કીટનો સદઉપયોગ | ૨ |
| (3) | રમત-ગમત પુસ્તિકાનો ઉપયોગ | ૨ |
| (૪) | મારી વિકાસ યાત્રા કાર્ડ ભરેલ હોય | 3 |

૪. આંગણવાડી સેવાઓ અને કવરેજ :- (કુલ ગુણ - ૧૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | નોંધાયેલ બાળકો સામે પુર્વ પ્રાથમિક શિક્ષણ લેતા બાળકો | ૨ |
| (૨) | નોંધાયેલ બાળકો સામે પૂરક પોષણનો લાભ લેતા બાળકો | ૨ |
| (3) | નોંધાયેલ કિશોરીઓ સામે પૂરક પોષણનો લાભ લેતી કિશોરીઓ | ૨ |
| (૪) | નોંધાયેલ સગર્ભા માતા સામે પૂરક પોષણનો લાભ લેતી સગર્ભા માતા | ૨ |
| (૫) | નોંધાયેલ ધાત્રી માતા સામે પૂરક પોષણનો લાભ લેતી ધાત્રી માતા | ૨ |

૫. ICDS (CAS) અંતર્ગત રજીસ્ટરની ડેટા એન્ટ્રી નિભાવણી:- (કુલ ગુણ - ૧૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | કુલ ૧૦ રજીસ્ટર ICDS (CAS) એપ્લીકેશનમાં અપલોડ કરેલ હોય | ૪ |
| (૨) | ICDS (CAS) અંતર્ગત સૂચવ્યા મુજબ દૈનિક કામગીરી | ૪ |
| (3) | પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટેના કેલેંડરની ઉપલબ્ધતા | ૧ |
| (૪) | આંગણવાડી કાર્યકર માટેના માસિક કેલેંડરની ઉપલબ્ધતા | ૧ |

૬. લોકભાગીદારી અને આંગણવાડીનું એકંદર વાતાવરણ :- (કુલ ગુણ - ૧૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | પોષણ અને આરોગ્ય કાર્યક્રમોમાં જનસમુદાયની ભાગીદારી | ૨ |
| (૨) | તિથિભોજન અને ભૌતિક સુવિધાઓમાં જનસહયોગ (લોકફાળો) | ૨ |
| (3) | આંગણવાડીની સ્વચ્છતા જેમ કે મકાનની જાળવણી, રંગકામ, ભિંતચિત્રો, | ૨ |
| (૪) | શૌચાલય અને શુધ્ધ પીવાના પાણીની વ્યવસ્થા | ૨ |
| (૫) | કિચન ગાર્ડન | ૨ |

## (બ) મુખ્ય સેવિકા (કુલ ગુણ – ૧૦૦)

૧. આરોગ્ય અને પોષણ:- (કુલ ગુણ - ૫૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | - કુપોષણના સ્તરમાં સુધારાત્મક પરિણામ | ૧૦ |
| | - અતિ ઓછા વજનવાળા બાળકો(લાલ ગ્રેડ) માંથી ઓછા વજનવાળા બાળકો (પીળા ગ્રેડ) માં સુધારો થયેલ હોય | (૫) |
| | - ઓછા વજનવાળા બાળકો(પીળા ગ્રેડ) માંથી સામાન્ય વજનવાળા બાળકો (લીલા ગ્રેડ) માં સુધારો થયેલ હોય | (૫) |
| (૨) | લક્ષ્યાંક મુજબ કરવાની થતી ફિલ્ડ વિઝિટની ૧૦૦% એન્ટ્રી ઓન-લાઇન સૉફ્ટવેરમાં કરાવેલ હોય તો | ૧૦ |
| (3) | - સગર્ભાવસ્થા અને ધાત્રીવસ્થા દરમ્યાન કુલ ૧૮૦ દિવસ આયર્ન ફોલિક એસિડની ગોળી લીધેલ હોય તો | ૩ |
| | - રસીકરણ- બાળકોનું સંપૂર્ણ રસીકરણ કરાવેલ હોય | ૨ |
| (૪) | શાળા આરોગ્ય કાર્યક્રમમાં તમામ બાળકોની આરોગ્ય તપાસ તથા આરોગ્ય તપાસ બાદ તબીબી સારવારની જરૂરીયાત ધરાવતા બાળકોને CMTC/NRC માં રીફર કરવામાં આવેલ હોય તો | ૫ |
| (૫) | સુપોષણ સંવાદમાં સગર્ભા અને ધાત્રી માતાની ભાગીદારી | ૫ |

(૬) આંગણવાડી કેન્દ્રમાં પુરક પોષણના લાભ લીધેલ લાભાર્થીઓનું કવરેજ ૧૫

- ૬ માસથી ૩ વર્ષના નોંધાયેલ તમામ બાળકોને THRનો લાભ આપેલ હોય તો (૫)
- ૩ થી ૬ વર્ષના નોંધાયેલ તમામ બાળકોને પૂરક પોષણનો લાભ આપેલ હોય તો (૫)
- નોંધાયેલ તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને THR નો લાભ આપેલ હોય તો (૫)

૨. એસ.એ.જી અને પૂર્ણા:- (કુલ ગુણ - ૧૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | સેજાની ૧૧-૧૪ વર્ષની શાળાએ ન જતી અને ૧૫-૧૮ વર્ષની શાળાએ જતી અને શાળાએ ન જતી કિશોરીઓની યોજના હેઠળ ૧૦૦% નોંધણી અને પૂરક પોષણની સિધ્ધિ | ૧ |
| (૨) | વર્ષ દરમ્યાન પૂર્ણા દિવસની ઉજવણી દરમ્યાન ઓછામાં ઓછી ૧૨ મુલાકાત લીધેલ હોય | ૨ |
| (૩) | સેજાની આધાર નોંધણી લક્ષ્યાંક મુજબ ૧૦૦% સિધ્ધિ | ૨ |
| (૪) | સેજાની નોંધાયેલ કિશોરીઓ પૈકી IFA ટેબલેટ લીધેલ ૧૦૦ % સિધ્ધિ | ૨ |
| (૫) | ૧૧-૧૮ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને ૧૦૦% પુન: શાળામાં દાખલ કરેલ હોય | ૨ |
| (૭) | નોંધાયેલ પૈકી ૧૦૦% કિશોરીઓની વર્ષ દરમ્યાન ચાર વખત આરોગ્ય તપાસ થયેલ હોય | ૧ |

૩. પૂર્વ પ્રાથમિક શિક્ષણ :- (કુલ ગુણ - ૧૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | પૂર્વ પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમનું મુલાકાત દરમ્યાન મોનીટરીંગ | ૩ |
| (૨) | પૂર્વ પ્રાથમિક'શિક્ષણ કીટના ઉપયોગ અંગે મુલાકાત દરમ્યાન માર્ગદર્શન સમજ | ૨ |
| (૩) | મુલાકાત દરમ્યાન રમત ગમત પુસ્તિકાની ચકાસણી અને માર્ગદર્શન | ૨ |
| (૪) | મારી વિકાસયાત્રા કાર્ડની ચકાસણી | ૩ |

૪. આંગણવાડી સેવાઓ અને કવરેજ :- (કુલ ગુણ - ૧૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | ગૃહ મુલાકાત | ૪ |
| (૨) | લાભાર્થી નામ આધાર સાથે લિન્ક | ૪ |
| (3) | SNP બાળકોને રેફરલ સેવાથી ગ્રીન/ યલો ઝોનમાં લાવવા | ૨ |

૫. ICDS (CAS) અંતર્ગત રજીસ્ટરની ડેટા એન્ટ્રી નિભાવણી :- (કુલ ગુણ - ૧૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | ૧૦ રજીસ્ટર ICDS (CAS) અંતર્ગત અપલોડ કર્યાની ચકાસણી | ૨ |
| (૨) | ICDS (CAS) અંતર્ગત દૈનિક સૂચવ્યા મુજબની કામગીરીની ચકાસણી | ૨ |
| (3) | આંગણવાડી નિરીક્ષણ | ૪ |
| (૪) | ઓન લાઇન એન્ટ્રી | ૨ |

૬. લોકભાગીદારી અને આંગણવાડીનું એકંદર વાતાવરણ :- (કુલ ગુણ - ૧૦)

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| (૧) | પોષણ અને આરોગ્ય કાર્યક્રમોમાં જનસમુદાયની ભાગીદારી | ૨ |
| (૨) | તિથિભોજન અને ભૌતિક સુવિધાઓમાં જનસહયોગ (લોકફાળો) | ૨ |
| (3) | આંગણવાડીની સ્વચ્છતા જેમ કે મકાનની જાળવણી, રંગકામ, ભિંતચિત્રો, | ૨ |
| (૪) | શૌચાલય અને શુધ્ધ પીવાના પાણીની વ્યવસ્થા | ૨ |
| (૫) | કિચન ગાર્ડન | ૨ |

નોંધ:

મુખ્ય સેવિકા માટે તેના સેજાની તમામ આંગણવાડી કેન્દ્રોની કામગીરી/પ્રગતિને ધ્યાને લઇ ગુણ આપવામાં આવશે.